# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૯ • તા.૧૪ ઓક્ટોબર થી ૨૦ ઓક્ટોબર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ

જીવનના વહેણ સરળ કે સપાટ નથી વહેતાં. વાંકા, ચૂંકા, અટપટા થઈને પણ આખરે તે ગંતવ્ય સ્થાને પહોંચી જાય છે. સમયનું વહેણ પણ આવું જ એક વહેતું ઝરણું છે જે કાળ ખંડને વીંધી પોતાની લીલા પ્રસરાવી પ્રભાવ પાથરતો જાય છે. સમય સારો હોય કે ખરાબ તેને સમતા ભાવથી પસાર કરવો એ જ એનો એક માત્ર ઉપાય છે. ધીરજ રાખવા માટે સમય પસાર કરવો પડે છે. ઘણી વાર સારો સમય એની રાહ જોવામાં તક વડેફાઈ જાય છે. સુખનો કાળ જરૂર આવશે એ જોવામાં દુ:ખના કાળમાં શક્તિ સંચિત કરવી પડે છે એ થઈ શકતી નથી અને સારો સમય હાથમાંથી સરી જાય છે. બહુધા માણસો સુખનો સમય આવે એની રાહ જોવામાં પૂરી જિંદગી ખપાવી દે છે અને જ્યારે સારો સમય આવે છે ત્યારે એને પૂરેપૂરો માણી શકતો નથી.

માનવી મર્કટનું મોર્ડન રૂપાંતર છે એ નૃવંશી જાણકારો એ સાબિતી કર્યું છે. શરીર રૂપાંતરિક થઈ ગયું પણ મન હજી ચંચળ, ઉછળતું, કુદતું જ રહ્યું છે. તે બદલાયું નથી. બીજાઓની જિંદગી જોઈ જોઈને પોતાની જિંદગી આવી હોય તેની કામના કરે છે. પણ આખરે મૃગ જળ જેવી જિંદગી પામે છે. જિંદગીનું એ મોટું સત્ય છે કે જીવનમાં બધાને બધું જ મળતું નથી. માણસને અભાવથી નફરત થાય છે પણ અભાવને મોકળા મનથી સ્વીકારી શકતો નથી જેવું મળ્યુંછે એનો ખુલ્લા મનથી સ્વીકાર કરી શકતો નથી. એકલો માણસ પરિવારના સહવાસની ઝંખના રાખે છે. અઢળક સમય વીતી જાય તો પણ ચોકઠું ન ગોઠવાય એટલે હારી થાકીને અન્યની પારિવારીક જિંદગીમાં ડોકિયું કરી અફસોસને મળવાવતો રહી જાય છે. જ્યારે પરિવાર સાથે જીવતો માણસ એકલો રહે એવી સ્પેસ શોધતો રહે છે. તેને એકલા રહેતાં માણસની ઈર્ષા થાય છે અને અકળામણ, રૂંધામણ રાખી બેળે બેળે જિંદગીમાં ઢસડાતો રહે છે. આ વેઠવારી જિંદગી તેને સુખરૂપે જીવવા દેતી નથી.

આ બંન્ને પોતાની ભાગે આવેલી જિંદગીને સાચવી, સંભાળી જીવી શકતા નથી. બંન્ને સુખ પામી શકે છે તે છતાંય સુખ ભોગવી શકતા નથી. બંન્નેને પોતાને ભાગે આવેલી જિંદગીથી અસંતોષ છે. આ સુખ નથી ભમ્રણાનો મોહ પાશ છે. સુખી તો માણસ એ સમય અને સંજોગોને ઓળખીને થવું પડે છે. દરેક પરિસ્થિતિને સ્વીકારી સમયના પ્રમાણે સાનુકુળ થવું પડતું હોય છે. આપણા ભાગે આવેલી જિંદગીનો સમય સંતોષથી, આનંદથી જીવતા નથી આવડતું એટલે વહેલા થાકી હતાશા અનુભવે છે અને પરેશાનીમાં પોતાના સ્વભાવ વિરૂધ્ધનું વર્તન કરીને આજુબાજુવાળાને દુશ્મન બનાવી બેસે છે. મગજનો પારો સાતમા આસમાને પહોંચાડી અન્યને નુકસાન પહોંચાડી બેસે છે.

સમય અને સંજોગને સ્વીકારી પરિસ્થિતિને જાણી સમજી ઉદારતાથી સ્વીકાર કરી લે તો એક સુખી જીવન જીવતો ઈન્સાન બની શકે છે. આત્મ સંતોષી માનવી સુખી, સરળ અને ખુશહાલ થઈ જિંદગી જીવી જાય છે. પણ દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવા જેટલો સભાન કોઈ થઈ શકતું નથી. એ જ તો આજના માનવની ખામી છે.

– જય જ્ઞાતિમૈયા

# અજ્ઞાનનું ઔષધ છે વાંચન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજના જમાનામાં મોબાઈલનું ચલણ વધવાથી અનેક ચીજો છૂટી ગઈ છે. જેવી કે પુસ્તક વાંચન, પ્રત્યક્ષ મળવું, ફોન પર વાતો કરવી, આઉડોર રમતો રમવી, પોતાની સૂઝ સમજથી રસોડામાં નવી વાનગીઓ બનાવી ઈત્યાદિ કારણ કે કોઈપણ સમય હોય માણસ મોબાઈલના વળગણથી છૂટી શકતો નથી. સવારના ઉઠતાંની સાથે મોબાઈલ હાથમાં લઈ ગુડ મોર્નિંગના મેસેજ કે ચિંતનાત્મક ક્વોટના ક્લીપ આર્ટ જે વોટસઅપમાં આવ્યા હોય તે ચિત પરિચિતોને ફોવર્ડ કરવામાં વ્યસ્ત રહે છે. આ પ્રમાણે આખો દિવસ નાના હોય કે મોટા સવારના ઉઠતાંની સાથે અને રાતે સૂતા પહેલા સતત મોબાઈલમાં માથું નાંખીને ખાખાં ખોળામાં મહા મોંઘેરો સમય પસાર કરી દે છે અન્ય શોખ પ્રવૃત્તિ, કસરત કે સગાસંબંધીઓ સાથેના વ્યવહારોમાં હાજરી આપવાનું પણ ટાળે છે.

આ મુઠીમાં સમાઈ જતાં ઈલેક્ટ્રોનિક સાધન એ માનવીની જીવનશૈલીને સમૂળગી બદલી નાંખી છે. વાંચન એમાનું એક છે. પુસ્તક, અખબાર કે ધાર્મિક કે અન્ય ચિંતનાત્મક જ્ઞાનવર્ધક સાહિત્યનું વાંચન. દરેકને માટે પુસ્તક વાંચનના ઉદ્દેશ્યો અલગ અલગ હોય છે. કેટલાક લોકો જ્ઞાન માટે, કેટલાક અપડેટ રહેવા વાંચે છે. કોઈ આનંદ મેળવવા તો કોઈ ટાઈમ પાસ માટે વાંચતા હોય છે. અમુક દેખાડો કરવા પુસ્તકો, છાપાઓ ખરીદે છે પણ પાના ઉથલાવીને તે છાજલી પર ચડાવી દે છે. જેમ કેટલું ખાવ છો એનું મહત્વ નથી પણ કેટલું પચે છે એ મહત્વનું છે. એવી જ રીતે કેટલા પુસ્તકો વાંચ્યા એની સંખ્યા ગણવા કરતાં કેટલા પુસ્તકો સમજાયા એ અગત્યનું છે. પુસ્તકો વાંચવા જરૂરી છે.

પણ પુસ્તકને વાંચવાની પધ્ધતિ જાણવી જરૂરી છે. સામાન્ય રીતે વર્ણનાત્મક પુસ્તકો એક સામટે વંચાઈ તો જાય છે પણ જો વાંચયા પછી કાંઈ મળે નહીં,, સમજાય નહીં તો શું કામનું? સારી સમજ કેળવાય અને જ્ઞાન ઊંડે ઉતરે એ માટે જેમ ઘૂંટડે ઘૂંટડે પાણી પીએ એ રીતે શબ્દ શબ્દ વાક્યનો ધીર ગંભીર અભ્યાસ કરતાં રીડીંગ કરવું જોઈએ. એક સામટે વાંચી પુસ્તક પૂરું કરવાને બદલે રોજે રોજ એક નિશ્ચિત સમયે થોડું થોડું વાંચન કરવાથી વાંચેલુ વાગોળવાનો પણ સમય મળે છે.

વાંચન એ યંત્રવત પ્રક્રિયા નથી. રોકેટ ગતિએ પાના ઉથલાવી જવાનો કોઈ અર્થ સરતો નથી. વાંચનથી જો જીવનમાં કોઈ પરિવર્તન ન આવે તો એ વાંચનનો કોઈ મતલબ રહેતો નથી. લખેલું જે છે તેનો શબ્દાર્થ, એનો સંદર્ભ સમજાય તે સાચું વાંચન છે. પુસ્તકને ઘણા પ્રતિષ્ઠા સાથે જોડે છે. વિષય પ્રમાણે જે પુસ્તકનું મહત્વ હોય છે. ભાષા, ઈતિહાસ, વિજ્ઞાન, સંસ્કૃતિ, સંશોધન, ધાર્મિક ઈત્યાદિ. એટલું સાચું છે કે ટેકનોલોજીને કારણે પુસ્તકોના પ્રકાશનોનું મહત્વ ઘટ્યું છે અને પ્રતિલિપિ, કિન્ડલ જેવા ઓનલાઈન માધ્યમોથી બહુધા લોકો વાંચે છે. કોરાના કાળ પછી રોજે રોજ સવારના છાપાઓ અને મેગેઝીનો પણ મોબાઈલમાં મળતા હોવાથી પ્રકાશન ગૃહો આર્થિક સંકડામણમાં છે. તો પણ છપાયેલ પુસ્તકો વાંચવાની, મઝા અને મોજ અનેરી હોય છે. સમય મૂલ્યવાન હોય છે એ સાચું પણ આ સમય સારા અને જ્ઞાનવર્ધક સાહિત્ય સાથે વીતે તે જરૂરી છે. વાંચનનું મહત્વ વાંચનનો મહિમા મોટો છે એ સમજાય તો સારું.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું








સાંધવ નગરનું સ્નેહમિલન તા.૮ ઓક્ટોબર રવિવાર મુલુંડમાં રાખવામાં આવેલ. પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા. માંગલિક સંભળાવેલ. પ્રવચન આપી નવકાર મહામંત્ર શ્રી મનોજ કારાણીએ શરૂઆત કરવામાં આવેલ. દીપ પ્રગટવા શામજીભાઈ નરશી દંડ, ભવાનજી રાઘવજી લોડાયા, લક્ષ્મીચંદ મુરજી દંડ, પ્રકાશ માણેકજી લોડાયા, શરદ ત્રિકમજી દંડ, ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા તથા સર્વે ટ્રસ્ટીગણના વરદ હસ્તે કરવામાં આવેલ.

સુથરીથી પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., વાપીથી પ.પૂ.સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા.,પ.પૂ. સાધ્વી શ્રી દિકરી મ.સા. હિરગુણાશ્રીજી મ.સા. સાંધવ થી પ.પૂ.સાધ્વી શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.શુભાશિષ પાઠવેલ. કલકત્તાથી વડીલ શ્રી પદમશી કુંવરજી પટેલ, કલકત્તાથી વડીલ શ્રી નવીનભાઈ પીતાંબર પટેલ, અમદાવાદથી પ્રદિપ






# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





આણંદજી ખોના, સાંધવથી પંકજ શામજી ડાઘા, ડોંબીવલીથી કિશોર દેવરાજ લોડાયા, સાંધવથી ચાતુર્માસ આરાધક ભાઈ-બહેનો સાંધવ મહાજનના આમંત્રણને માન આપી સ્નેહમિલનમાં પહોંચી ન શકયા પણ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

નયન અશોક ભેદા જયપુર, જયેશ ભાગચંદ જૈન જયપુર, ચાંદની પરેશ લાલકા જયપુર, પદમ સોજપાળ મોતા દેવલાલી. શ્રી સાંધવ નગરના સ્નેહમિલનમાં ૩૫૦ થી પણ વધારેની સંખ્યામાં શ્રી સાંધવ નગરવાશીઓ નિયાણી બેહનો, આમંત્રિત મેહમાનો પધારેલ અરીખાણા શ્રી પ્રવીણભાઈ લોડાયા મુંબઈ મહાજન ઉપપ્રમુખ શ્રી વીરેન્દ્રભાઈ લોડાયા રાપરગઢવારીના ટ્રસ્ટી શ્રી વીરચંદભાઈ લોડાયા, વરાડીયા મહાજનના ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ ડાઘા, સાંયરાના ટ્રસ્ટી શ્રી શાંતિલાલભાઈ લોડાયા, શ્રી રતિલાલભાઈ ધ્રોળ વારાપદ્ધર, શ્રી ચેતનભાઈ ભેદા રંગપુરના શ્રી જતીનભાઈ નાગડા નલિયાના શ્રી ભદ્રિચંદભાઈ દંડ, શ્રી પરેશભાઈ ખોના મંજલરેલડિયાના ટ્રસ્ટી શ્રી અનિલભાઈ દંડ કુવાપદ્ધર ગામના શ્રી ભાવેશભાઈ મોતા, સુથરી ગામના શ્રી તેજકુમારભાઈ ધરમશી અને શ્રી સાંધવ નગરજનો ખંડવાથી, શેવગાવથી, અહમદાવાદથી, વાપીથી તેમજ મુંબઈના






# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





નગરો અને વેસ્ટર્ન લાઈનના નગરોથી તથા અંબરનાથ, વિઠ્ઠલવાડી, ડોમ્બિવલી, કલ્યાણ, થાણા પધારેલ.

શ્રી સાંધવ નગર સ્નેહમિલનના દાતા પરિવાર તરફથી ઉપવાસ આયંબિલ તપસ્વીને રૂપિયા ૧૦૦, એકાસણા તપસ્વીને રૂપિયા ૨૦ પ્રભાવના કરવામાં આવેલ.

સ્નેહમિલન પ્રસંગે શ્રી સાંધવ મહાજનના સર્વ સાધારણ ખાતામાં આવેલ રકમ રૂપિયા ૧૧૦૦/= અ.સૌ.ગીતાબેન વિનોદ ડાઘા ગામ : વરાડીયા હાલ : મુલુંડ. રૂપિયા ૫૦૦/= શ્રી કિરણભાઈ લાલજી દંડ ગામ : પરજાઉ હાલઃ નાહૂર.

મહાજનના સર્વ સાધારણ ખાતામાં નિયાણી બેહનો તરફથી આવેલ રકમ રૂપિયા ૫૦૦૦/= અ.સૌ.કલ્પનાબેન સોમચંદ લોડાયા ગામ : અરીખાણા હાલ : મુલુંડ, રૂપિયા ૧૧૦૦/= ૧) અ.સૌ.લક્ષ્મીબેન શરદભાઈ દંડ ગામ : બાયઠ હાલઃ શેવગાવ, રૂપિયા ૧૦૦૧/= અ.સૌ ભાવનાબેન ચંદ્રેશ સોની ગામ : જખૌ હાલ કાંદિવલી, રૂપિયા ૫૦૧/= ૧) અ.સૌ મીનાબેન મહેન્દ્ર ખોના ગામ : જખૌ હાલઃ ભાંડુપ ૨) અ.સૌ રંજનબેન મેંઘજી લોડાયા ગામ : મોટીખાવડી-મુલુંડ, રૂપિયા ૫૦૦/= ૧) અ.સૌ. હિરલ અનિલ મોમાયા ગામ : વરાડીયા-ભાંડુપ ૨) અ.સૌ. હિરલ આદિત્ય લોડાયા ગામ : વરાડીયા-ડોમ્બિવલી ૩) અ.સૌ.બિના પરાગ લોડાયા ગામ : દુલતુંગી-ડોમ્બિવલી ૪) અ.સૌ. દિપાલી નયન મોમાયા ગામ : જખૌ અને અ.સૌ. કાજલ દીપેન નાગડા ગામ : નલિયા ૫) અ.સૌ. નિર્મલા નવીન મૈશેરી ગામ : જખૌ, અ.સૌ. નયનાબેન નીતિન ધરમશી ગામ :સુથરી, અ.સૌ.નીતાબેન પ્રદીપ દંડ ગામ :લાલા ૬) ચંપાબેન લખમશી ધરમશી ગામ : જશાપર-મુલુંડ રૂપિયા ૨૫૦/= વિજયા ભદ્રિકાન્ત લોડાયા ગામ : રવા -કાંજુરમાર્ગ, રૂપિયા ૨૦૦/= અ.સૌ. નયનાબેન







# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





મહેન્દ્ર મોતા ગામ : લાલા-ડોમ્બિવલી. સર્વેની ખુબ ખુબ અનુમોદના.

શેઠ શ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા હાલઃ ઘાટકોપર દ્વારા સંચાલિત શ્રી મણિ માણેક ટ્રસ્ટ સાલ ૧૯૯૮ થી આજ સુધી આ ટ્રસ્ટ દ્વારા શ્રી સાંધવ નગરના વિદ્યાર્થીઓને શૈક્ષણિક આર્થિક સહાય ઉચ્ચ શિક્ષણ માટે દર વર્ષે સહાય કરે છે. જે આજ સુધી આર્થિક સહાય કરી રહયા છે.

(દર વર્ષે રૂપિયા ૨ થી ૫ લાખ પર્યંત વિદ્યાર્થીની પરિસ્થિતિ મુજબ)

આ એક સાંધવ નગર માટે ગર્વની વાત છે.

સરસ્વતી સન્માનના નામો દિવ્ય શશીકાંત દંડ કાંજુરમાર્ગે એસ.એસ.સી. ૮૨.૬૦%, જીલ રાજેશ દંડ ભાંડુપ એસ.એસ.સી. ૮૧.૨૦%, પ્રિશા હિરેન દંડ મુલુંડ એચ.એસ.સી.આર્ટસ ૮૬.૩૩%, ગૌરવ ચેતન લોડાયા મુલુંડ બીએમએસ ૭૬.૧૪%, ક્રીશા સચીન દંડ ભાંડુપ એસ.એસ.સી.૮૦.૨૦%, ધ્વની નિરજ લોડાયા મુલુંડ એસ.એસ.સી. ૭૫.૩૩%,





# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





નેમિશ નિરજ લોડાયા મુલુંડ એમ.બી.એ.માર્કેટીંગ- એ ગ્રેડ.

સહુને સર્ટિફીકેટ સાથે રૂ.૧૬૦૦/- નો કવર સ્નેહ મિલન ના દાતાશ્રી પરિવારો તરફથી આપવામાં આવેલ.

તપસ્વીઓના નામ : નિલેશ દામજી દંડ મુલુંડ, જયશ્રી ઝવેરચંદ ખોના ડોંબીવલી, હિરલ રોકી લોડાયા દિવા.

પર્વ પર્યુષણ દરમ્યાન ૮ ઉપવાસની તપસ્યા કરનાર તપસ્વીઓનું બહુમાન કરવાનો લાભ સ્નેહ મિલનના દાતાશ્રી પરિવારો તરફથી રૂ.૨૦૦/-નું કવર આપી બહુમાન કરવામાં આવેલ.

સ્નેહમિલન પ્રસંગે આવેલ ફાળો રૂપિયા ૧૦૦૦/= મણીબેન પ્રફુલ મોતા ઘાટકોપર, રૂપિયા ૫૦૧/= મીનાબેન કિરણ કાનજી દંડ ડોમ્બિવલી, ઉષાબેન તારાચંદ દંડ મુલુંડ, રૂપિયા ૫૦૦/= કસ્તુરીબેન મણિલાલ લોડાયા ભાંડુપ, રોહિત કાનજી દંડ દેવલાલી, માતૃશ્રી મીઠીબાઈ ટોકરશી મોત્તા હસ્તેઃ દિનેશભાઇ મોતા મુલુંડ. સર્વેની ખુબ ખુબ અનુમોદના.





# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું



સારી સંખ્યામાં શ્રી સાંધવ નગરજનો એ ભાગ લીધો.

આ સ્નેહમિલન પ્રસંગે શ્રી સાંધવ મહાજન તરફથી તપસ્વીઓનું બહુમાન શૈક્ષણિક વિદ્યાર્થીઓનું બહુમાન, શ્રી સાંધવ નગરે આ વર્ષના ચાતુર્માસ દાતાશ્રીનું બહુમાન, પર્યુષણ માટે રેલવે ટિકિટના દાતા, પંચતિથિ કરાવનાર દાતાશ્રીનું બહુમાન, શ્રી સાંધવ નગરે તાજેતરમાં નવું બનેલ અતિથિગૃહ-૩ શ્રી માણેક લાડણ અતિથિગૃહના દાતાશ્રીઓનું બહુમાન અને વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ સ્નેહમિલનના સફળતા પૂર્વક રંગેચંગે પાર પાડવા સર્વે શ્રી સાંધવ નગરજનોનો ઉદારતા પૂર્વક ફાળો આપવા બદલ શ્રી સાંધવ મહાજન આપ સૌ નો આભાર માને છે

આ સ્નેહમિલનના મુખ્ય શ્રી દાતા પરીવારોના નામ સુવર્ણ દાતાશ્રી (૧) શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા-





# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું




ઘાટકોપર, (૨) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ-મુલુંડ, (૩) માતૃશ્રી રસીલાબેન માણેકજી લોડાયા-મુલુંડ

રજત દાતાશ્રી (૧) માતૃશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા-મુલુંડ (૨) માતૃશ્રી નિર્માલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ (૩) માતૃશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ-મુલુંડ (૪) શ્રી રસિકભાઈ દેવરાજ લોડાયા-મુલુંડ (૫)માતૃશ્રી મણિબાઇ કુંવરજી મોતા-ડોમ્બિવલી (૬) શ્રી મેંઘજી કુંવરજી ખોના હસ્તેઃ શ્રી ભરત મેંઘજી ખોના અને શ્રી વીરચંદ મેંઘજી ખોના -ડોમ્બિવલી (૭) માતૃશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ-ભાંડુપ (૮) શ્રી ભવાનજીભાઈ નરશી દંડ-મુલુંડ (૯) અ.સૌ. શકુંતલાબેન રાયચંદ દંડ-મુલુંડ (૧૦) માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ (૧૧) માતૃશ્રી મંજુલાબેન હીરાચંદ દંડ-મુલુંડ (શુકુન સાડી) ૧૨) શ્રી નવીનભાઈ માણેકજી લોડાયા ઘાટકોપર અને શ્રી પ્રવીણભાઈ માણેકજી લોડાયા-થાણા (૧૩) શ્રી પ્રફુલભાઇ માણેકજી લોડાયા-મુલુંડ (૧૪) અસૌ પ્રીતિબેન પ્રકાશ લોડાયા-થાણા (૧૫) માતૃશ્રી રતનબેન હીરાલાલ લોડાયા-ભાંડુપ (૧૬) શ્રી









# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





દિનેશ રામજી લોડાયા-મુલુંડ

સહાયક દાતાશ્રી (૧) શ્રી નવીનભાઈ દેવણાંધ લોડાયા-મુલુંડ (૨) શ્રી કિશોરભાઈ દેવણાંધ લોડાયા-ડોમ્બિવલી (૩) શ્રી શાંતિલાલ વશનજી દંડ-ડોમ્બિવલી.

સર્વે દાતા પરિવારોની ખુબ ખુબ અનુમોદના.

શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતળ છાયામાં પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી સાંધવ નગરે ૫૦થી ૬૦ જેટલાં આરાધક ભાઈ બેહનો આરાધના કરી રહ્યા છે.

આ આરાધક ભાઈ-બેહનોમાં ૩૦ થી ૩૫ જેટલા આરાધક ભાઈ-બેહનોએ આ યાત્રામાં આવવાની સંમતિ આપેલ છે.

આ ૩૦ થી ૩૫ આરાધકોને શ્રી હસ્તિનાપુરની યાત્રા શ્રી સાંધવ મહાજન કરાવશે.

તા. ૦૪ જાન્યુઆરી થી તા. ૦૯ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન આ યાત્રા દરમિયાન વિવિધ સ્થળો જેમકે મથુરા, આગ્રા, હરિદ્વાર અને શ્રી શાંતિનાથ દાદાનું જન્મસ્થાન શ્રી હસ્તિનાપુરની જાત્રા કરવવાનો લાભ અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા પરિવાર) ઘાટકોપર અને અ.સૌ. સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર મુલુંડ લાભ લીધેલ છે

આ બન્ને પરિવારોની ખુબ ખુબ અનુમોદના અને શ્રી સાંધવવાસીઓ આ યાત્રા કરવા જેમની શક્તિના હોય તેવા શ્રી સાંધવવાસીઓને આ યાત્રા કરાવવાનો લાભ માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર મુલુંડ વાળા એ લાભ લીધેલ છે. પરિવારની ખુબ ખુબ અનુમોદના. ૬૦ જણ પોતાની રીતે ટિકીટ ખર્ચ રૂા.૧૦૫૦૦ ભરીને યાત્રામાં સામેલ થયા છે. કુલ ૧૧૦ જણ આ યાત્રામાં સામેલ થયેલ. યાત્રા આયોજનની વ્યવસ્થા અર્હમ ટૂર એન્ડ ટ્રાવેલ્સ-ભદ્રેશ છેડા દ્વારા કરાશે.

શ્રી સાંધવ મહાજન તરફ થી મેં મહિના દરમિયાન ૯૯ યાત્રા કરનાર આપણા શ્રી સાંધવ નગરના (૧) સ્મિત વિપુલ પટેલ (૨) મોક્ષિલ હિતેશ પટેલ (૩) મયંક કમલેશ દંડ (૪) લબ્ધી હિતેશ દંડ.




# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





આ યાત્રા કરનાર તપસ્વીઓને રૂપિયા ૫૦૦/=નું કવર આપી અનુમોદના કરવામાં આવેલ તથા આ સ્નેહમિલન પ્રસંગે શ્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વેને શ્રી સાંધવ મહાજન તરફથી રૂપિયા ૫૦૦/=નું કવર આપી અનુમોદના કરવામાં આવેલ.



ખુબ ખુબ અનુમોદના. જય જય શ્રી શાંતિનાથ

શ્રી સાંધવ નગરના સ્નેહભર્યા સ્નેહમિલનનો પ્રોગ્રામ તા. ૦૮ ઓક્ટોબરને રવિવારે આ સ્નેહમિલન માટે ગોપુરમ (Iris) હોલ માટે શ્રી જતીનભાઈ ગોપુરમ હોલવાળાની અનુમોદના.

મસ્ત મનગમતા ભોજનિયાની મોજ ચા-પાણીની વ્યવસ્થા બપોરના ૩:૦૦ સુધી પણ કરવા માટે શ્રીજીકેટરર્સની અનુમોદના.

જે મહેમાનો અને શ્રી સાંધવ નગરવાશી અંગત કારણોસર ના આવી શક્યા તો પણ તેમણે શુભેચ્છા મોકલાવેલ છે તે બદલ અનુમોદના.

આ કાર્યક્રમ ૨૦૧૮ બાદ ૨૦૨૩માં કરવામાં આવેલ. પાંચ વર્ષ બાદ (૨૦૨૦ બાદ કોરોના કાળ ને કારણે આ સ્નેહમિલન મુલત્વી કરવામાં આવેલ)

સ્નેહમિલનના સર્વે દાતાશ્રી પરિવારોની અનુમોદના. સંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વેની અનુમોદના.

શ્રી સાંધવ યુવા ગ્રુપની ખુબ ખુબ અનુમોદના.









# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું





શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની છત્રછાયામાં પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી સાંધવ નગરે તપની લીલા લેહર છે.

તા.૩૦ જુલાઈથી શ્રી ચાતુર્માસ પ્રારંભથી તા.૦૭ ઓક્ટબરો સુધી આ ૯૩ દિવસોમાં થયેલ તપસ્યા.

ઉપવાસ-૩૮૭, આયંબિલ-૭૯૩ નેવી તપ-૩૭, એકાસણા-૧૦૪૭, પોષધ-૧૦૩, વર્ષી તપ-બે જણા, વીશસ્થાનક તપ બે જણા તથા શ્રી સાંધવ નગરે દર્શનાર્થે તા.૨૯ જુલાઈથી તા.૦૭ ઓક્ટોબર સુધી ૨૨૮૦ યાત્રિકો,ભાવિકો પધારેલ છે.

આ વર્ષ દરમ્યાન પાંચ મહિનાનું ચાતુર્માસ છે. ૫૫ થી ૬૦ આરાધકો આરાધના કરી રહયા છે. આસો માસની આયંબિલની ઓળી દરમિયાન ૨૫ થી ૩૦ આરાધકો પધારવાના છે.

હજી પણ કોઈ ભાવિક ભાઈ-બહેનને આયંબિલ તપ કરવાની, શ્રી ચાતુર્માસ પૂર્ણાહુતી સુધી ધર્મની આરાધના કરવાની ઈચ્છા હોય તો આપ જરૂરથી શ્રી સાંધવ નગરે પધારજો. આપશ્રીની સર્વે વ્યવસ્થા કરવામાં આવશે.

આ સ્નેહમિલનમાં શ્રી મણિમાણેક અતિથિગૃહના બીજા માળે બે સ્ટાફ રૂમના દાતા પરિવાર અ.સૌ.દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા લોખંડવાળા પરિવાર હાલઃ ઘાટકોપર એ લાભ લીધેલ









# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું




આ દાતા પરિવારની અનુમોદના કરવામાં આવેલ. હાલની સાલમાં બનાવેલ નૂતન અતિથિગૃહ શ્રી માણેક લાડણ ભવનના દાતાશ્રી પરિવારો ની અનુમોદના કરવામાં આવેલ તથા શ્રી માણેક લાડણ ભવનના રૂમના દાતાશ્રી પરિવારોની અનુમોદના કરવામાં આવેલ.



ત્યાર બાદ હાલના શ્રી ચાતુર્માસના દાતાશ્રી પરોવારોની અનુમોદના કરવામાં આવેલ.

મુંબઈથી ગાંધીધામ અને ભુજથી મુંબઈની ટ્રેનની ટિકિટના દાતાશ્રી પરિવારોની અનુમોદના કરેલ સાથે સાથે ગાંધીધામથી સાંધવ અને સાંધવથી ભુજ જવા, આવવા ના સમયે પાંચ તિથિ કરાવવામાં આવેલ. તે દાતા અને સાંધવથી ચાતુર્માસ આરાધકોને બે દિવસ યાત્રા કરાવેલ યે સર્વે દાતા પરિવારની અનુમોદના કરવામાં આવેલ. અબડાસા તાલુકાની નાની અને મોટી પંચ તિથિ કરાવેલ એવા શબ્દો વડે અનુમોદના કરેલ.






# સાંધવ નગરનું સ્નેહમિલન યોજાયું




આ સ્નેહમિલનના દાતાશ્રી સર્વેની અનુમોદના કરવામાં આવેલ.



સ્વાગત ગીત-શુભદિન આયોરે : ખુશી દંડ, કેયારા દંડ, મહાવીર શા બનવું છે : તનીષા હિમાનશું ખોના, જીનવશ જીનવરા : તનય દંડ, પ્રીશા લોડાયા, વિયાન ખોના, કેયારા દંડ, દેવાંશ દંડ, ગુમર : પ્રિયાન્સી લોડાયા, ખુશી દંડ, ગુજુ સોંગ : લબ્ધી દંડ, વન્દે શાસનમ : સ્મિત પટેલ, મોક્ષીલ પટેલ, દિવ્ય દંડ, પરમ દંડ, મિક્સ સોંગ (ગીત) : હેમાલી ખોના, અક્ષીતા ખોના, શ્રેયા મોતા, ગરબા ગીત : સ્મિતા લોડાયા, ડિમ્પલ દંડ, શિલ્પા દંડ, તોરલ દંડ, જ્યોતી દંડ, ધરતી દંડ, વર્ષા લોડાયા, કાજલ લોડાયા, હીરલ લોડાયા, કાજલ પટેલ, પ્રેક્ષા ખોના, તેજલ ખોના, યોગીતા મોતા, અક્ષીતા ખોના. સ્નેહમિલનનો સંચાલન વિપુલ પટેલ કરેલ. આવકાર શ્રી શામજીભાઈ દંડ અને આભારવિધિ પ્રવીણ મોતા કરેલ.

પ્રવિણભાઈ સાવલાનું અવસાન થયેલ તે નિમિત્તે ત્રણ નવકાર મૌન બોલાવવામાં આવેલ.

સ્નેહમિલનના સ્ટેજ પર મોટી LED સ્ક્રીન ઉપર માણેક લાડણ અતિથિગૃહનું ઉદઘાટન પ.પૂ.સાધ્વીજી મહારાજ સાહેબ ચાતુર્માસ પ્રવેશ તેમજ શ્રી મહાપર્વ પર્યુષણના કાર્યક્રમની ઝલક શ્રી સાંધવ સંઘની ચાતુર્માસના આયોજનની તપસ્વીઓની અનુમોદના અનુષ્ઠાનોની ઝલક બતાવવામાં આવેલ.

સર્વેની નાના મોટા દાતાશ્રી ખુબ ખુબ અનુમોદના. ભૂલચૂક મિચ્છામિ દુક્કડમ્.






# સંજીવની કેસ નં.૧૧૮ માટે રૂા.૩.૫૫ લાખ જમા કરવાનો છે પડકાર

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 118

## DONATION NEEDED!

## Mr. Javerchand Khetshi Nagda

Age: 62 Yrs. Malkapur , Varapadhar

**Patient is diabetic & hypertensive.**
**Six blockages detected in angiography.**
**Urgent need of CABG ( Heart Surgery)**



**DONATION REQUIRED**
**Rs.3.55 LAKH**

**Bank Details:**
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

વારાપધ્ધર-મલકાપુરના ૬૨ વર્ષીય જવેરચંદ કે.નાગડા ડાયાબિટીસ અને હાય પરટેન્શનની બિમારી સામે સંઘર્ષ કરી રહ્યા છે. હાલે તેમને તાત્કાલિક હાર્ટ સર્જરીની આવશ્યકતા થઈ છે. એન્જીયોગ્રાફી થયા પછી આવેલ રિપોર્ટમાં તેમના હૃદયમાં છ બ્લોકેજ છે. જેના ઓપરેશનમાં સારવાર માટે રૂા.૩.૫૫ લાખનો અંદાજિત ખર્ચ અપાયેલ છે.

પરિવારમાં એક પુત્ર જે કરોડજજુની તકલીફથી પીડિત છે અને એક પુત્રી જે જન્મથી દિવ્યાંગ છે. દર્દી જવેરચંદભાઈ જ એક માત્ર કમાનાર સભ્ય છે. આ અચાનક તબીબી પરિસ્થિતિનો સામનો કરવા અસમર્થ હોવાથી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે મદદની ગુહાર કરી છે. જ્ઞાતિના વરિષ્ઠ વડીલની કટોકટી ભરી કપરી પરિસ્થિતિમાં સાથ આપવાની ઉત્તમ અને આવશ્યક ફરજ આપણે નિભાવીએ એ જ સમયની માંગ છે જે આપણે ચૂકીએ નહીં.

આજ સુધીના ૧૧૭ જેટલા સંજીવની કેસોની અરજી સમયસર અને સરળતાપૂર્વક સૂલઝાવી છે એવો જ ભાવ સાથેનો સહયોગ ઉદારજનો આપશે એવો વિશ્વાસ છે. જેથી જવેરચંદભાઈ નાગડા સુખરૂપે સારવાર પામી સ્વસ્થ થઈ પરત ઘરે વહેલાસર પહોંચે. દાન સહાય આપનાર દાતાએ ૮૦ જી હેઠળ ઈન્કમ ટેક્ષમાં કર લાભ મેળવવા આધાર કાર્ડ-પાન કાર્ડની ઝેરોક્સ સબમિટ કરવી જરૂરી છે.

|| શ્રી કુંથુનાથાય નમઃ || || શ્રી સુમતિનાથાય નમઃ || || શ્રી નેમિનાથાય નમઃ || || શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી
## શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

KDO

**સ્થાનિક કાર્યાલય :** મુ.પો. મોટી સિંધોડી, તા. અબડાસા, જિ. કચ્છ - ૩૭૦ ૬૪૦. ફોન : **91676 87098**
**મહોત્સવ કાર્યાલય :** C/o. મુકેશ લોડાયા, ચિંતન ગ્રાફિક્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક, ૯૦ ફીટ ગેરેજ લેન, પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૫. મો.: **98211 54326**

**સુજ્ઞ ગામવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો સપરિવાર,**

મોટી સિંધોડી નગરે, નૂતન જિનાલયમાં શ્રી નેમિનાથ દાદાની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શાનદાર ઉજવણી **તા. ૨૬-૦૨-૨૦૨૪** થી **તા. ૦૧-૦૩-૨૦૨૪** દરમિયાન સ્થાનિકે પધારવા સર્વે ભાગ્યશાળી પરિવારજનોને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ અને તે માટે નીચે આપેલ ફોર્મ ભરવું જરૂરી જ છે.

જય જિનેન્દ્ર,

હું શ્રી/શ્રીમતી ______________________ મોટી સિંધોડી તા. ૨૬-૦૨-૨૦૨૪ થી તા. ૦૧-૦૩-૨૦૨૪ દરમ્યાન યોજાનાર પંચાન્હિકા મહોત્સવમાં હાજરી આપવા ઇચ્છુ છું. કૃપા કરીને મારી નીચે મુજબની સહમતી સ્વીકારશોજી. (નીચે આપેલ બોક્સ (ચોરસ) માં ✓ અથવા X ની નિશાની કરવાની રહેશે.)

૧) હું મારા વાહનથી મોટી સિંધોડી પહોંચીશ. ☐

૨) રહેવાની વ્યવસ્થા મહોત્સવ સમિતિ દ્વારા વહેલા તે પહેલા ના ધોરણે કરવામાં આવશે જે અમને માન્ય રહેશે. ☐

૩) મહોત્સવ દરમ્યાન અમારી રહેવાની વ્યવસ્થા અમે સ્વયં કરીશું. ☐

| ક્ર. | નામ | ઉમર | મોબાઈલ | કઇ સમિતિમાં જોડાશો |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

**વિવિધ સમિતિઓ : રજીસ્ટ્રેશન, સ્વાગત, ઉદ્‌બોધન, ભોજન, વૈયાવચ્ચ, આવાસ, વાહન વ્યવસ્થા, વૈદ્યકીય, હિસાબ કિતાબ, સ્થાનિક વ્યવસ્થા, ધાર્મિક વ્યવસ્થા, સાંસ્કૃતિક, મહિલા સમિતી, રથયાત્રા વગેરે...**

**નોંધ :** ● તા. ૨૭-૦૨-૨૦૨૪ થી તા. ૨૯-૦૨-૨૦૨૪ સુધી (ત્રણ દિવસ માટે) વાહનની વ્યવસ્થા **'સામુહિક ધોરણે'** શ્રી સંઘ તરફથી કરવામાં આવશે. ● તા. ૨૬-૦૨-૨૦૨૪ અને તા. ૦૧-૦૩-૨૦૨૪ એમ બે દિવસ વાહનની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. ● તા. ૨૫-૦૨-૨૦૨૪ ની ટિકિટ બુકીંગ તા. ૨૯-૧૦-૨૦૨૩ થી શરૂ થશે. આવવા-જવાની ટિકિટો પોતાની રીતે કઢાવવાની રહેશે. ● ટિકિટની ઝેરોક્ષ અને ફોર્મ તા. ૧૧-૧૧-૨૦૨૩ સુધી પોસ્ટ, કુરીઅર, વોટસએપ નં. **98336 64426** કે ઈમેલ દ્વારા chintangraphics08@gmail.com પર મોકલવા વિનંતી. ● તમે કઈ સમિતિમાં કામ કરવાનું પસંદ કરશો, તે ઉપર આપેલ બોક્સમાં જણાવવા વિનંતી. ● આવનાર દરેકે નાની મોટી વ્યક્તિની (નાના બાળકો સહીત) નોંધ ફોર્મમાં કરવાની રહેશે. ● આ ફોર્મ સ્વચ્છ અક્ષરે અને સંપૂર્ણ વિગત ભરીને રજુ કરવાનું રહેશે. ● **ફોર્મ તા. ૧૧/૧૧/૨૦૨૩ સુધી ભરી મોકલી આપવાના રહેશે.**

______________________
ફોર્મ ભરનાર મુખ્ય વ્યક્તિનું નામ

વધુ વિગત માટે સંપર્ક :

પ્રમુખ : અ.સૌ. હર્ષાબેન શાહ - 98692 48303, માનદ્‌મંત્રી : શ્રી હરીશભાઈ મોમાયા - 98202 85781, શ્રી લહેરચંદભાઈ મૈશેરી - 98331 56066

|| શ્રી કુંથુનાથાય નમઃ || || શ્રી નેમિનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી સુમતિનાથાય નમઃ || || શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી
## શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

**સ્થાનિક કાર્યાલય :** મુ.પો. મોટી સિંધોડી, તા. અબડાસા, જિ. કચ્છ - ૩૭૦ ૬૪૦. ફોન : 91676 87098
**મહોત્સવ કાર્યાલય :** C/o. મુકેશ લોડાયા, ચિંતન ગ્રાફિક્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક, ૯૦ ફીટ ગેરેજ લેન, પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૫. મો.: 98211 54326

# આગોતરું આમંત્રણ

દેવાધિદેવ ! મનનાં મંદિર મહીં, ભક્તિના પબાસણે,
ભાવનાના પુષ્પ લઈ, સમર્પણના ધૂપ લઈ,
વિધિ શુદ્ધિના અક્ષતની સાક્ષીએ મારા પ્રાણનાથ... દાદા નેમિનાથ ને
બિરાજમાન કરવા છે, અમે નૂતન જિનાલયમાં દાદાની પ્રતિષ્ઠા કરીશું...

**: દિવ્ય આશિષ :**

રાષ્ટ્રસંત-ભારત દિવાકર,
શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

સરળ સ્વભાવી, ૨૩ વર્ષીતપના આરાધક
પ.પૂ. આ.ભ.
**શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

**: દિવ્ય આશિષ - પ્રેરણાસ્રોત :**

તપચક્ર ચક્રવર્તી
અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

દિવ્યઆશિષ : જ્યોતિષાચાર્ય
પ.પૂ. આ.ભ.
**શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

**: આજ્ઞા આશિષ - નિશ્રા દાતા :**

સાહિત્ય દિવાકર
રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

આગમ દિવાકર, પ્રશમ રસનિધિ,
પ.પૂ. આ.ભ.
**શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

વિધિકાર : નવકાર રત્ન, ૨૭-૨૭ વરસી તપના આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ, કચવન્ન, જય, મેઘ નંદુ અને સંગીતકાર સહ**


## સમગ્ર કચ્છમાં મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ દાદાની પ્રાચીન પ્રતિમાનું એક માત્ર જિનાલય

**Pratishtha Mahotsav**
Monday to Friday
Dt. 26 Feb. to 01 March
2024

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
આદિઠાણા તથા
અચલગચ્છના તમામ શ્રમણ-શ્રમણી ભગવંતોને વિનંતી કરેલ છે.
પોતાની અનુકુળતાએ પધારી શુભ નિશ્રા પ્રદાન કરશે.

**પ્રતિષ્ઠા મહોત્સવ**
સોમવાર થી શુક્રવાર
તા. ૨૬ ફેબ્રુઆરી થી તા. ૧ માર્ચ
૨૦૨૪

**અંતરના શબ્દો છે આમંત્રણના... પધારો... પધારો...**






**-: નિમંત્રક:-**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી**
**શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ**
**ટ્રસ્ટીગણ, પદાધિકારીઓ અને કારોબારી સભ્યો**

# શ્રી કદઓ મહિલા મંચ અમદાવાદની કારોબારી કમિટીના નવા વરાયેલા પદાધિકારીઓ




શ્રી કચ્છી દશા ઓસવાલ મહિલા મંચ અમદાવાદની કારોબારી સમિતિમાં નવા પદાધિકારીઓની વરણી થઈ. જેમાં પ્રમુખ તરીકે સૌ.ગુણવંતીબેન ગુલાબભાઈ ધનજી દંડ પરજાઉ, ઉપપ્રમુખ પદે શ્રીમતી માલાબેન પ્રફુલ્લભાઈ શામજી ધરમશી કોઠારા, મંત્રી પદે સૌ.મીરાબેન રાજેશ ખીમચંદ ધરમશી જશાપર, સહમંત્રીઓ તરીકે સૌ.ભૂમિકા ધર્મેશ દામજી છેડા જશાપર અને સૌ.દીપાબેન કેતન નરેન્દ્રભાઈ લોડાયા બાંડીયા, ખજાનચી પદે સૌ.સુશીલાબેન નિરંજન પૂનમચંદ મૈશેરી લાલા, સહ-ખજાનચી પદે સૌ.નિહારિકાબેન અજય શાંતિલાલ છેડા જશાપર તથા કારોબારી સભ્યો તરીકે કવિતાબેન કીર્તિભાઈ ભારમલ નાગડા કુવાપધ્ધર, સૌ.કિન્નરીબેન ચંદ્રેશ વિરેન્દ્ર લોડાયા બાંડીયા, સૌ.કુંદનબેન વિશ્વાસ પ્રફુલ્લભાઈ ધરમશી કોઠારા, સૌ.રશ્મિબેન પ્રશાંત મહેન્દ્રભાઈ ખોના આરીખાણા, સૌ.લક્ષ્મીબેન પ્રિતેશ ગુલાબચંદ દંડ પરજાઉ, સૌ.શ્વેતાબેન હેમેન્દ્ર કાનજીભાઈ ધરમશી જખૌ, સૌ.નેહાબેન મનીષ પ્રફુલ્લભાઈ ખોના જખૌ, સૌ.અનિતાબેન ગિરીશ લક્ષ્મીચંદ દંડ લાલા, સુશ્રી હેજલબેન જયંત મેઘજીભાઈ ધરમશી મંજલ, સૌ.હિરલબેન રોહિત ચિમનભાઈ દંડ તેરા, સૌ.પૂજાબેન મિરાજ તિલકભાઈ ભારાણી-ખોના જખૌ અને સૌ.કવિતાબેન જયેશ કિશોરભાઈ લાલકા લાલા.

વરાયેલા સૌ પદાધિકારીઓને અભિનંદન અને તેમના દ્વારા જ્ઞાતિ સમાજ માટે ઉપયોગી અને ઉત્કૃષ્ટ કાર્યો અવિરત થતા રહે એવી શુભકામના.

# શ્રી કદઓ મહિલા મંચ અમદાવાદ દ્વારા મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ મહિલા મંચ અમદાવાદ દ્વારા તા.૭ ઓક્ટોબર શનિવાર રોજે અચલગચ્છાધિષ્ઠિયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ સાથે સાથે આરતી સજાવટ અને ગરબા હરિફાઈનું આયોજન મણિનગર ઉપાશ્રયમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૮૫ જેટલી બહેનો કચ્છી બાંધણી હસ્તકળા ભરેલ ચણિયા ચોલી વિવિધ કલરની સાડી પરિધાન કરી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



બેસ્ટ પ્લેયરના વિજેતાઓ તરીકે ચેતનાબેન મોતા, પુષ્પાબેન લોડાયા, હિરલબેન મૈશેરી, વૃશ્વિકા મોમાયા અને પૂજા ભારાણી જ્યારે બેસ્ટ ડ્રેસના વિજેતાઓ ચાંદની લોડાયા, વર્ષાબેન ધરમશી, કવિતા નાગડા, જયશ્રી કુરવા અને નીતાબેન છેડા જાહેર થયા હતા. વિજેતાઓને ઈનામ લીલાવંતીબેન ભારાણી, માલાબેન ધરમશી, રશ્મિબેન લાલકા અને વિજયાબેન લોડાયા તરફથી અપાયા હતા.

આરતી સજાવટના વિજેતાઓ ચેતનાબેન મોતા, ધારિણી ખોના અને લક્ષ્મી દંડ જાહેર થયા. તેમને ઈનામ ભાવનાબેન ભારાણી તરફથી જ્યારે આશ્વાસન ઈનામ શ્વેતાબેન અને વર્ષાબેન ધરમશી તરફથી અપાયેલ.

આ કોફીના દાતા નિયાણીબેન સૌ.લક્ષ્મીબેન ખત્રી હતા.


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
Festival Celebration
Bonanza 2023
HOME LOAN
2 WHEELER LOAN
CAR LOAN
eAUTO LOAN
GOLD LOAN
MORTGAGE LOAN
TRADE LOAN
COMMERCIAL VEHICLE LOAN
LOAN AGAINST PROPERTY
LOAN AGAINST INSURANCE POLICY
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
www.arihantbank.com
@ ArihantBank

# રાષ્ટ્રીય પોસ્ટલ સપ્તાહ નિમિત્તે યોજાયેલ ક્વીઝમાં ફાલ્ગુન ખોના પ્રથમ ક્રમાંક મેળવ્યું

તા.૧૦ ઓક્ટોબર મંગળવાર રોજે ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટલ ઈન્ડિયા દ્વારા નેશનલ પોસ્ટલ વીક પ્રસંગે ભાંડુપ વેસ્ટ પોસ્ટ ઓફિસ મધે પોસ્ટ ઓફિસ સેવિંગ્ઝ બેંક ક્વીઝ યોજાઈ હતી. જેમાં ફાલ્ગુન એલ.ખોના પ્રથમ ક્રમાંક મેળવી ટ્રોફી અને પ્રમાણપત્ર મેળવ્યું.

આ સફળતા પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન.






# ધાર્મિક સમીર ધરમશીએ ચેમ્પિયન ઓફ ક્યુબ ટ્રોફી જીતી

તા.૨ ઓક્ટોબર સોમવારના આર સિટી મોલ ઘાટકોપર પશ્ચિમ મધે યોજાયેલી ક્યુબની રાષ્ટ્રીય સ્પર્ધામાં ધાર્મિક સમીર પંકજ ધરમશી જસાપર, મુલુંડ એ માત્ર એક મિનીટમાં ક્યુબ સોલ્વ કરી ચેમ્પિયન ઓફ ક્યુબ ટ્રોફી વિજેતા થયો.

આ અગાઉ તા.૮ માર્ચના કોરમ મોલ થાણામાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં બીજા નંબરે વિજેતા થયેલ હતો.

નાની વયે આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન.



## જયશ્રી વિપુલ લાપસીયા કલર ગુજરાતી ચેનલના ધ રસોઈ શોમાં ભાગ લીધો

તા.૩૦ સપ્ટેમ્બર શનિવાર બપોરે ૨ કલાકે કલર ગુજરાતી ચેનલના બપોરે ૨ કલાકે પ્રસારિત થતાં ધ રસોઈ શોમાં રંગપુર મુલુંડના શ્રીમતી જયશ્રી વિપુલ નવીનચંદ્ર લાપસીયાને પાર્ટીસિપન તરીકે જોડાવાનો લાભ મળ્યો હતો.

શો રજૂઆત કર્તા સાથે તેમણે કૂકીંગ વિષેના પોતાના વિચારો, અનુભવો અને તળસ્પર્શી જાણકારી આપી હતી. અને વાનગીની રેસિપી ધ રસોઈ શોમાં શેર કરી હતી.





જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# Anumodana

## Sanjivani Case - 115

**Name : Mrs. Veena Mahesh Maisheri     Age : 66 yrs.     Village: Nani Sindhodi (Ambernath)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patrons** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 25,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B. K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Sangh Poona | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Mandal Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 1,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/s. Deluxe Logistics Pvt. Ltd.), Bangalore | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 25,000.00 |
| N.V Dand & Associates | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Kothara - Vapi ( Shree Sai Flexi) | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 2,100.00 |
| Well Wisher | 2,000.00 |
| Shrimati Veenaben Meisheri | 2,000.00 |
| Shri Hanskumar L Chheda (HUF) | 1,500.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Mulund | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Mukesh Bhawanji Lodaya - Moti Sindhodi - Dombivli | 1,000.00 |
| Shri Pradeep Vershi Sayla , Vapi | 1,000.00 |
| Shri Anil Bhawanji Dharamshi | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya - Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya - Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla - Suthri - Bhandup | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 301.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org   Email: Seva@kdosm.org   Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સાંધવ નગરે સમૂહલગ્ન મહોત્સવ-૨૦૨૩નું આયોજન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત શ્રી સમૂહલગ્ન મહોત્સવ-૨૦૨૩ તા. ૧૬ ડિસેમ્બરને શનિવારના રોજ નક્કી થયેલ છે. આ એક દિવસય પ્રોગ્રામમાં સવાર ના ૬:૩૦ કલાકે જાનૈયા-માનૈયાનું ધામધૂમથી સ્વાગત, સવારના નવકારશી. ૧૧:૧૫ કલાકે હસ્તમેળાપ સાધર્મિક ભક્તિ બપોરે ૩:૦૦ કલાકે કન્યાઓને વિદાય મુંબઈ-દેશ દેશાવર થી પધારેલ મેહમાનો ને સાંજના ચોવીયાર જે પણ પરિવારોને આ સમૂહલગ્ન મોહોત્સવમાં જોડાવવા ની ઈચ્છા હોય તે માટે જલ્દીથી ફોર્મ મેળવીને જાણ કરવા વિનંતી.

**લગ્ન સ્થળઃ શ્રી સાંધવ નગર, અબડાસા કચ્છ,**
**સંપર્કઃ શ્રી કિરણ દંડ મુંબઈ-૯૮૩૩૮૦૮૨૪૪, શ્રી પ્રબોધ મુનવર ભુજ-૯૯૨૫૧૬૯૮૭૬, શ્રી વીરેન્દ્ર લોડાયા મસ્જિદ બંદર-૯૦૮૨૫૫૭૦૨૨, શ્રી વીરચંદ ખોના વાશી નવીમુંબઈ-૯૮૭૦૯૮૯૦૦૫, શ્રી અરવિંદ લોડાયા ગાંધીધામ-૯૮૨૫૬૩૪૬૪૯.**

કન્યાઓને બ્યુટીશિન તૈયાર કરવા આવશે. કન્યાદાન રાબેતા મુજબ રહેશે
(દા ત :ખોંમ્ભા નો છાલ, પાનેતર, સાચા હીરાના કાનફલ સાચા હીરાની સરી વગેરે)

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# રાપરગઢને આંગણે અમૃત કળશ યાત્રાની પધરામણી થઈ






તા.૧૩ ઓક્ટોબર શુક્રવારના રોજ અબડાસા તાલુકાના રાપરગઢ ગામે મારી માટી મારો દેશ કાર્યક્રમ અંતર્ગત અમૃત કળશ યાત્રા અબડાસા વિભાગના ધારાસભ્ય પદ્યુમનસિંહ એમ.જાડેજા, અબડાસા તાલુકા પંચાયત પ્રમુખ મહાવીર સિંહ જાડેજા સાથે ભાજપની સમગ્ર ટીમ સાથે પધરામણી કરતાં વાજતે ગાજતે તેમને વધાવવાનો લાભ



માતુશ્રી તારાબાઈ મામેકજી મોતા પરિવાર અબડાસા કચ્છ ગૌશાળાની ટીમ તથા સૌ ગામવાસીઓએ હોંશભેર લીધેલ હતો. આ ટાણે સમગ્ર માહોલ ભારત માતા કી જયના ગગનભેદી નાદથી ગાજી ઉઠ્યું હતું.

# ધારિણી હિમાંશુ ખોનાની આંગળીઓના ટેરવા દ્વારા કલાનું સર્જન

અમદાવાદના ધારિણી હિમાંશુ ખોના વિવિધ ભાતની પ્રભુજીની આંગી કરી ભક્તિ કરે છે. તેમની કલાનું દર્શન આપેલ આંગીની તસવીરમાં જોઈ શકાય છે. તેઓ આંગી રચના સાથો સાથ રંગોળી પણ ખૂબ સરસ રીતે કરે છે.





હાલમાં જિનાજ્ઞા યુવા ટ્રસ્ટ દ્વારા રવિપુષ્પ નક્ષત્ર યોગ દિવસ અમદાવાદની પોળોના પ્રાચીન ૧૧૯ જિનાલયોના સામૂહિક સ્નાત્ર મહોત્સવ કાર્યક્રમનું આયોજન તા.૮ ઓક્ટોબર રવિવાર સવારે ૮.૩૦ વાગે કરાયેલ. આ પ્રસંગે જિનાજ્ઞા યુવા ગ્રુપ સંસ્થાપિકા પ.પૂ.સાધ્વીશ્રી મૈત્રી રત્નાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પ્રેરણા એવમ માર્ગદર્શનથી નૈવેદ્ય, ફળપૂજા અને છાબ ડેકોરેશન કોમ્પિટશન યોજાઈ હતી. જેમાં ૧ થી ૫ ક્રમાંક સુધીના વિજેતાઓને રૂા.૨૧ હજારથી પાંચ હજાર સુધીના ઈનામો જાહેર થયાં હતા. ૧૦ થી ૨૫ સભ્યોના સમૂહથી કુલ્લ ૧૧૯ ગ્રુપ સામેલ થયાં હતા. સામેલ થયેલ સ્પર્ધક ગ્રુપને દેરાસરમાં સ્નાત્ર ભણાવવાનો લાભ પણ મળેલ.

ધારિણી ખોના આ વિશાળ સ્પર્ધા આયોજનમાં ફૂલ નૈવેદ્ય છાબ ડેકોરેશનના નિર્ણાયક તરીકે જ્યારે હિમાંશુ ખોના સ્નાત્ર પૂજા સ્પર્ધાના જજ તરીકે કપરી ફરજ ઉત્કૃષ્ટપણે બજાવી હતી. ધારિણીનું કલા પ્રત્યેનું સમર્પણ અન્યો માટે પ્રેરણારૂપ બની રહે એવું છે.

# પરબ આયોજિત 'આરૂણ્ય'ની દ્વિતીય આવૃત્તિ








શનિવાર, ૭ ઓક્ટોબર ૨૦૨૩, ના રોજ પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા માટુંગામાં, શ્રી નારાણજી શામજી મહાજનવાડી ખાતે ફેશન, ફૂડ અને લાઈફસ્ટાઈલ ના શાનદાર ઉત્સવ 'આરૂણ્ય' ની દ્વિતીય આવૃત્તિ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અતિભવ્ય પ્રદર્શન કમ સેલનું ઉદઘાટન, 'દબંગ-૩' ફિલ્મ દ્વારા ખ્યાતિ પામેલ, પ્રસિદ્ધ બોલીવુડ અભિનેત્રી સઈ માંજરેકર ના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

હોલના ચાર માળ (ગ્રાઉન્ડથી ત્રીજા માળ સુધી) માં ફૂડ કોર્ટ સહિતના ૮૧ થી વધુ સ્ટોલ હતા. વસ્ત્રો, આભૂષણો, એસેસરીઝ અને નેઇલ આર્ટ જેવા ફેશન અને સ્ટાઇલ ને લગતા ઉત્પાદનો, સુંદર હેન્ડ બેગ્સથી લઈને ગૃહ સજાવટ સુધીની જીવનશૈલીને લગતી વૈભવી વસ્તુઓ, રેકી, દિવાળી સંબંધિત ઉત્પાદનો, ગિફ્ટ હેમ્પર, ડેઝર્ટ્સ અને ચોકલેટ સુધીની સ્વાદિષ્ટ, ઉચ્ચતમ ગુણવત્તાની વસ્તુઓ વ્યાજબી દરે પ્રદર્શનમાં ઉપલબ્ધ હતી. વધુમાં, અમુક એનજીઓ તથા શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિના દાતાઓ દ્વારા સ્પોન્સર કરાયેલ સ્ટોલ પણ હતા.

સ્વ. શ્રીમતી મધુરી કિરીટ લાપસીયાના સ્મરણાર્થે, તેમની સુપુત્રી શ્રીમતી કનક જયેશ અજાણી દ્વારા પીવાના પાણીની ગોઠવણ કરવામાં આવી હતી. આ વર્ષે, પબ્લિસિટી તથા પ્રમોશન માટે શ્રીમતી નેહલબેન (Ex. Municipal Councillor F/North ward 177) તથા શ્રી અમરભાઈ ખોના નો ખૂબ જ સાથ-સહકાર સાંપડ્યો હતો. આ ઉપરાંત, પ્રદર્શન સ્થળો અને ફૂડ કોર્ટનું સુવિચારિત આયોજન અને સુનિયોજિત લેઆઉટ, મુક્ત અને આસાન અવરજવર માટે સ્ટોલ વચ્ચે પૂરતી જગ્યા અને થાકેલા વૃદ્ધો માટે મધ્યમાર્ગે આરામ કરવા માટે બીજે માળે મૂકાયેલી ખુરશીઓ, ભીડને અટકાવી આરામની ખાતરી બક્ષતી હતી. ટીમ પરબના ઝિણવટભર્યા વ્યવસ્થાપને દરેકના મન મોહી લીધા! ઉત્પાદનોનું વૈવિધ્ય અને તેમની વિપુલતા, આ બંનેના કારણે પ્રદર્શન ખૂબ જ સફળ રહ્યું!

સવારથી સાંજ સુધી સતત ચાલેલા ફૂટફોલે સ્ટોલ ધારકોને દિવસભર વ્યસ્ત રાખ્યા હતા! આ ફેશન, ફૂડ તથા જીવનશૈલી મહોત્સવ અત્યંત સફળ રહ્યો અને 'ટીમ પરબ' માટે પ્રતિભાગીઓના ઉત્સાહ ભર્યા અને મુલાકાતીઓના પ્રોત્સાહનપૂરક પ્રતિસાદ નિરંતર આવતા રહ્યા છે.





# પરબના 'આરૂણ્ય' ની દ્વિતીય આવૃત્તિમાં ચમકતા કેડીઓ દિવ્યાંગ!









શનિવાર, ૭ ઓક્ટોબર ૨૦૨૩, ના રોજ પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા માટુંગામાં, શ્રી નારાણજી શામજી મહાજનવાડી ખાતે ફેશન, ફૂડ અને લાઈફસ્ટાઈલ ઉત્સવ 'આરૂણ્ય' ની દ્વિતીય આવૃત્તિમાં શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન દિવ્યાંગ સમિતિની સહાયથી દિવ્યાંગોને સ્ટોલ આપવામાં આવ્યો હતો.

આ સ્ટોલ સ્વ. શ્રી ઠાકરશી મેઘજી ગોશરની પૂણ્યતિથિ નિમિત્તે તેમની બંને સુપુત્રીઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. સ્પેશિયલ ચાઈલ્ડ શૌર્ય મૈશેરીએ વિવિધ પ્રકારના ડિટર્જન્ટ અને ક્લિનિંગ લિક્વિડ અને પાવડરનું પ્રદર્શન તથા સેલ કર્યું હતું. સ્પેશિયલ ચાઈલ્ડ પ્રશાંત દંડે જૈન સ્તવન રેડિયો, ઇલેક્ટ્રિક દિવડાઓ અને ધૂપસળીઓ વેચાણ માટે પ્રસ્તુત કરી હતી. તેઓને મદદ કરવા માટે તેમની સાથે તેમના વાલીઓ હતાં. આ રીતે સમાજના વાણિજ્યિક ઉપક્રમમાં ભાગ લેવાની તક મળતાં આ દિવ્યાંગોના આત્મવિશ્વાસને ખૂબ દ્રઢતા મળી છે.

મૂક બધીર કુ. કવિતા ખોનાએ ફૂડ કોર્ટમાં પોતાનો સ્ટોલ રાખેલ, જેમાં તેણીએ અનેકાનેક પ્રકારની સેન્ડવીચીઝ રાખેલ. ગ્રીલ્ડ થેપલા સેન્ડવીચ એ તેમની બેનમૂન પ્રસ્તુતિ હતી. કવિતાની ખાદ્ય સામગ્રી એટલી લોકપ્રિય બની કે આખોયે દિવસ તેણીને ખડે પગે રહેવું પડ્યું હતું! તાજેતરમાં 'એમ ડબલ્યુ ફૂડ એન્ડ ડેકોર'ના ઓનલાઇન કોમ્પીટીશન, 'કોમ્યુનિટી શેફ ચેલેન્જ'ના ટોપ ટેનમાં શોર્ટ લિસ્ટ થયેલી કવિતાને, આગળના રાઉન્ડમાં વિજયી બનવા માટે અનેક-અનેક શુભેચ્છાઓ!

# કોઠારા તીર્થે પૂજ્ય સાહેબનું ગુણાનુવાદ, ગુરૂપૂજન સાથે મહાકાલિ માતાની ભાવના ભણાવાઈ





શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૫મી પુણ્યતિથિ નિમિત્તે કોઠારા તીર્થ નગરે સાહબેનું ગુણાનુવાદ પ.પૂ.પર્વતક મુનિરાજશ્રી મલયસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.ના મુખે કરવામાં આવેલ. ત્યારબાદ ગુરૂપૂજન કરાયેલ. સાથો સાથ અચલગચ્છાધિષ્ઠિયિકાશ્રી મહાકાલી માતાજીની ભાવના ભક્તિ ભાવ સાથે ભણાવાઈ હતી. જેનો ધર્મ લાભ ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓએ લીધો હતો.

# PARAB

SHAKTI SANJIVANI SOCIETY

SAKHYA ■ SAATH ■ SNEH

**A Women's Charitable Trust With 80G Benefit**

**Ushers In The Diwali With Its Unique Gift Idea!**

**A Boxful Of Goodies From Home-based Women Food-crafters, Assisted By Parab.**



* **Cashew- Pista Burgers :**
  These bite-size burgers are a sweet surprise

* **Cranberry - Oats Cookies :**
  They quell your cravings without a compromise

* **Chickpeas Chatpata :**
  Roasted tongue tinglers packed with nutrition.

* **Baked Bhakharwadi Bites :**
  For post noon pangs - a guilt free option!

* Plus an auspicious mark of lucky charm,
  To protect all from any harm

**For Further Enquiry And Bookings Contact :**

Kashmira Luthia 9821675772 / Dipti Lodaya 9320065825

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિતેનભાઈ ગંગર**
તા.૬ ઓક્ટોબર (ઉ.૫૯)
મોટી ખાખર-મુલુંડ



**લીલાબેન ખોના**
તા.૭ ઓક્ટોબર (ઉ.૭૪)
કોઠારા-કરાડ



**કલ્પનાબેન ધરમશી**
તા.૯ ઓક્ટોબર (ઉ.૬૮)
રંગપુર-હાલોલ



**વિજયાબાઈ દંડ**
તા.૧૦ ઓક્ટોબર (ઉ.૮૭)
ભરૂડીયા-કોચીન



**ગુણવંતીબેન ધરમશી**
તા.૧૧ ઓક્ટોબર (ઉ.૮૦)
સુથરી-મુલુંડ



**તારાબાઈ નાગડા**
તા.૧૨ ઓક્ટોબર (ઉ.૮૧)
નલિયા-વડોદરા



**જયાબાઈ ખોના**
તા.૧૨ ઓક્ટોબર (ઉ.૮૦)
વાંકુ-મુલુંડ



**વિજયભાઈ ધરમશી**
તા.૧૨ ઓક્ટોબર (ઉ.૬૦)
સુથરી-ડોંબિવલી



**ભરતભાઈ મોતા**
તા.૧૨ ઓક્ટોબર (ઉ.૬૫)
રાપરગઢવારી-ગાંધીધામ



**નીતીનભાઈ ધરમશી**
તા.૧૩ ઓક્ટોબર (ઉ.૫૮)
સુથરી-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ યુનિવર્સિટીના અર્થ અને એન્વાર્યનમેન્ટલ સાયન્સ વિભાગમાંથી ૨૦૨૧માં પૂર્ણ કરી ડૉ.અનિલ ચવાણ એ માસ્ટર્સ અને પીએચડી ડૉ.સુભાષ ભંડારીના માર્ગદર્શન હેઠળ પ્રાચીન મંગળ ગ્રહ પર પ્રાણીના પ્રવાહના પુરાવા તથા તેની પધ્ધતિ પ્રકૃતિ અને મૂળ શોધવા પર સંશોધન કર્યું. ભુજના ડૉ. અનિલ ચવાણ પોતાના સંશોધન અભ્યાસથી ભવિષ્યમાં મંગળ મિશન માટે પેલોડ બનાવવામાં મદદ કરવાનો છે તથા ઈસરોના મંગલ મિશન માટે ભાવિ લેન્ડિંગ સાઈટ શોધવાનો છે.

● કચ્છની હસ્તકલાના સૌથી અઘરાં એવા સુફ ભરતકામને લીધે મૂળ સુમરાસર (શેખ) અને હાલે ભુજમાં સ્થાયી દીપ્તિ રાઠોડએ સુફ વર્કમાં સર્ચ એન્જિન ગૂગલનો સૌથી મોટો લોગો ૪૩ × ૧૩ ઈંચનો બનાવીને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. આ વિક્રમજનક લોગો નાની નાની ડિઝાઈન થકી બનાવાયો હતો.

● ભારતના સફળ ચંદ્રયાન મિશનની સિધ્ધિમાં કચ્છનું પણ યોગદાન રહ્યું છે. મૂળ અંજારના ખંભરાના વતની હાલે બેંગલોર વસતા કચ્છી ઉદ્યોગપતિ વિપિન રાઠોડની યુનિટ્રોને અત્યાધુનિક ટેસ્ટિંગ મશીન આ મિશન માટે પૂરા પાડ્યાં હતા. શ્રી રાઠોડ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના અગ્રણી ઉદ્યોગપતિ છે.

● ભુજની ભાગોળે આવેલા ટપકેશ્વરી માતાજીના વિસ્તારને રૂા.પાંચ કરોડના ખર્ચે ટ્રેકિંગ વે, એડવેન્ચર સહિત ધાર્મિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. ૫૦૦ વર્ષથી વધારે જૂના ઐતિહાસિક ધાર્મિક સ્થળનો રાજાશાહી વખતથી મહિમા છે. રાજ્યના પ્રવાસન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાએ આ સ્થળની જાત મુલાકાત લઈ આ માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે કચ્છ ધણિયાણી મા આશાપુરાના માતાના મઢ અને ભુજ મંદિરે નવરાત્રિની આઠમે યોજાતી પતરી વિધિમાં ઉપયોગમાં લેવાતી 'પતરી' વનસ્પતિની ઉત્પત્તિ મા ટપકેશ્વરીના સાંનિધ્યમાં આવેલા પથ્થરોની વચ્ચે થાય છે

● સોલાર ઊર્જા આધરિત ગ્રીન એમોનિયા અને ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાના નવીન પ્રોજેક્ટ માટે કચ્છની રણકાંધીએ ૩૦ હજાર મેગાવોટ વીજળી દૈનિક ધોરણે પેદા કરી શકે એવો વિશ્વનો સૌથી મોટો રિજિયોનલ એનર્જી પાર્ક બનાવવા ૧.૮૦ લાખ હેક્ટર ચો.મી. જમીન ઉદ્યોગગૃહોને ફાળવાઈ છે. અંદાજે ૪૦ હજાર કરોડના મૂડી રોકાણ સાથે કચ્છ આવનારા સમયમાં ગ્રીન એમોનિયા-ગ્રીન હાઈડ્રોજન પેદા કરતો જિલ્લો બનશે. હાઈડ્રોજનની અનેક દેશોમાં નિકાસ થશે. રિલાયન્સ ન્યૂ એનર્જી, અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ, વેલસ્પન, ન્યૂ એનર્જી આર્સેલર મિતલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા લિ. જેવા ઉદ્યોગ સમૂહ આ સાહસ પ્રારંભ કરશે.

● તુણા ટેકરી ખાતે રૂા.૪૨૪૩.૬૪ કરોડના ખર્ચે આકાર લેનાર તુણા કન્ટેનર ટર્મિનલ પ્રકલ્પ માટે દિનદયાલ પોર્ટ ઓથોરિટી કંડલાસને દુબઈની ખાનગી કંપની વચ્ચે કન્સેશન કરાર ઉપર કેન્દ્રીય શિપિંગ, મંત્રી સર્બાનંદ સોનોવાલની ઉપસ્થિતમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા. તુણા ટેકરી ખાતેનું આ ગ્રીન ફિલ્ડ ટર્મિનલ ૧૮ હજારથી વધુ ટી.ઈ.યુ.એસ.વહન કરતા આગામી પેઢીના જહાજોને હેન્ડલ કરવામાં સક્ષમ હશે.

● રોટરી ક્લબ ઓફ ઘાટકોપર વેસ્ટ દ્વારા ભુજ-ગાંધીધામ અંતર્ગત પ્રોજેક્ટ થકી તરૂણ સોશિયલ મીડિયાના વળગણથી બહાર આવ્યા. રોટરી ક્લબ ઓફ ઘાટકોપર વેસ્ટ દ્વારા તરૂણ બાળકોની વિવિધ સમસ્યા માટે કાઉન્સિલિંગ હાથ ધરાય છે. જે અંતર્ગત છેલ્લા ચાર મહિનામાં ઓશિયલ મીડિયા, જિદ્દી સ્વભાવ, શાળા કોલેજ ન જેવું, અભ્યાસમાં ધ્યાન ન આપવું, પૂરતી ઊંઘ ન લેવી. લોકો સાથે હળવા મળવાનું ટાળવું જેવા વળગણને લગતા સાત તરૂણોને બદલવામાં સફળતા મળી. ઉપરાંત એક મનોવૈજ્ઞાનિક વર્કશોપનું આયોજન પણ સાથે હાથ ધરાયું હતું. પ્રમુખ જયેશ બાદાની, શ્રુતિ ધરમશી દ્વારા વ્યવસ્થા આયોજન કરાયું હતું.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**